આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

10 દિવસ બાકી મતદાન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૭ | ૭ ડિસેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુજરાતનું વિકાસ મોડેલ દેશ માટે પ્રેરક બનશે

## સેક્ટર-૨૨ના મેદાનમાં ભાજપના પ્રચારાર્થે યોજાયેલ જાહેરસભામાં ઉમાભારતીના કોંગ્રેસ પર ઉગ્ર પ્રહારો



ગાંધીનગર, તા.૬

ગુજરાતનું વિકાસ મોડેલ એ હવે દેશનું મોડેલ બનશે એમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી તેમ ભાજપાના રાષ્ટ્રીય નેતા ઉમા ભારતીએ આજે ગાંધીનગરમાં જનસભાને સંબોધતાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે સર્વાંગીણ વિકાસ ગુજરાતે કર્યો છે. સર્વ ધર્મ સમભાવને સાચા અર્થમાં ચરિતાર્થ કરી સરદારના સ્વપ્ન મુજબ પોતાની તાકાતથી જ વિકાસ કર્યો છે તે એક ગૌરવરૂપ છે. તેમણે કહ્યું કે ગુજરાત વિકાસનું રોલ મોડેલ છે અને આર્થિક પાવર તરીકે પણ ઉભર્યું છે.

ઉમા ભારતીજીએ જણાવ્યું હતું કે પંડિત દિનદયાલજીની અંત્યોદય યોજનાનું સ્વપ્ન ગુજરાતે જે રીતે સાકાર કર્યું છે તે જોતાં હવે તે દેશનું મોડેલ બનશે એમાં કોઈ બેમત હોઈ શકે નહિ.

કોંગ્રેસ પર પ્રહારો કરતાં તેમણે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચારની રાજનીતિ સાથે તેઓ શાસન સંભાળે છે. તેમણે જણાવ્યું કે યુપીએ-૨ના શાસનમાં જે રીતે ભ્રષ્ટાચાર બહાર આવી રહ્યો છે તેનાથી દેશના સ્વાભિમાન નાગરિકનું માથું શરમથી ઝુકી જાય છે.

તેમણે જણાવ્યું કે ગુજરાતમાં વિકાસના કામો જે ઝડપથી ભાજપ સરકારે કર્યા છે તે સમયે આ પ્રજાએ જે આક્ષેપો અને અન્યાયોનો સામનો કર્યો છે તે સૌ જાણે છે પણ વિકાસ એ જ લક્ષ્ય બનાવી તેનો સામનો કર્યો છે ત્યારે મતદાનમાં મત આપજો અને નરેન્દ્રભાઈ જ નેતૃત્વ સંભાળશે તે વાત ઔપચારિકતા જ માત્ર છે. તેમણે જણાવ્યું હતું કે અમારી સરકારો શરૂઆતમાં અલ્પજીવી બની હતી પરંતુ જે રાજકીય સ્થિરતા ગુજરાતે બતાવી છે તેનાથી અમે હવે વિકાસ શું કહેવાય તે અમે બતાવી શકીએ છીએ.

મોદી વડાપ્રધાન બનશે તે વિશે હું એકાદશીનું વ્રત જાળવીશ એમ કહી તેમણે કહ્યું કે ગુજરાતની દ્વારિકા એ કૃષ્ણને રાજા તરીકેનો રાજમુગુટ પહેરાવ્યો છે તે ગુજરાતના વિકાસનું મોડેલ દેશનું વિકાસ મોડેલ બનશે. આ સભાને શ્યામ જાજુ એ સંબોધતાં જણાવ્યું હતું કે મોદીજી હવે ગુજરાતની મિલ્કત નહિ દેશની મિલ્કત તરીકે ઉભર્યા છે. તેઓ જ દેશના પ્રધાનમંત્રી બનશે. તેમણે જણાવ્યું હતું કે ૨૦મીએ હિમાચલ અને ગુજરાતમાં દિવાળી મનાવીશું. આ સભાને લુધિયાણાના પૂર્વ મેયર શ્રી પ્રવિણ બંસલ, આશિષ દવે, વિક્રમભાઈ પટેલ સહિતના આગેવાનોએ સંબોધી હતી. સભામાં ખાદી બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખશ્રી નીતિન પટેલ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલ, નાગરિક બેંકના ડિરેકટર શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ, કેપ્ટન અભિમન્યુ, અમદાવાદ મ્યુ. કોર્પો.ની સ્ટેન્ડીંગ કમિટીના મધુબેન પટેલ ગાંધીનગર મનપાના કાઉન્સીલરો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.














